આર્થિક સુધારાની ખાતરી આપતા ચિદમ્બરમ

ટોકિયો, તા. ૧૧

દેશમા પ્રવર્તમાન પરિસ્થિતી વચ્ચે વધુ આર્થિક સુધારાઓ ટુંક સમયમાં જ જાહેર કરવાનો નાણાંપ્રધાને આજે સ્પષ્ટ સંકેત આપ્યો હતો. આગામી દિવસોમાં ઘણાં આર્થિક સુધારાની ખાતરી આપતા કેન્દ્રીય નાણાંમંત્રી પી. ચિદમ્બરમે આજે કહ્યું હતું કે, સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ દ્વારા દેશના ક્રેડિટ રેટિંગમાં કરાયેલા ઘટાડાથી કોઇ ગંભીર ચિંતા કરવા જેવી નથી. ચિદમ્બરમે કહ્યું હતું કે, આ કોઇ ગંભીર ચિંતાનો મુદ્દો નથી. સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર એજન્સી દ્વારા ગઇકાલે બહાર પડાવ્યું હતું કે, જો ભારત વધુ આર્થિક સુધારા અંગે પગલાંઓ લઇને અમલ નહીં કરે તો તેના ક્રેડિટ રેટીંગમાં ઘટાડો થવાની પૂરેપૂરી શક્યતા છે. ઇન્ટરનેશનલ મોનિટરીંગ ફંડ (આઇએમએફ) અને વર્લ્ડ બેન્કના સંયુક્ત વાર્ષિક અધિવેશન સંદર્ભે પત્રકારો સાથે ચિદમ્બરમે કહ્યું હતું કે આગામી ૨૪ માસમાં ઘણાં બધા આર્થિક સુધારાના પગલાંઓ લેવામાં આવશે. અમે હજુ પણ આર્થિક

સુધારા કરવાના પથ પર જ છીએ. ગઇકાલે એસએન્ડપીએ તેના અહેવાલમાં કહ્યું હતું કે, જો ભારતનો આર્થિક વૃદ્ધિ દર હજુ વધશે નહીં તો તેના ક્રેડીટ રેટિંગમાં ૧/૩ નો ઘટાડો થવાની શક્યતા છે. હાલ ભારતના અર્થતંત્રમાં વૃદ્ધિદર ધીમી ગતિએ ચાલી રહ્યું છે. ચિદમ્બરમે પત્રકારો સાથે વધુમાં વાત કરતાં કહ્યું હતું કે, અમે એજન્સી સાથે વાતચીત કરી છે. અમે તેમને કહ્યું છે કે ભારત હાલ વૈશ્વિક સ્તરે સર્જાયેલ આર્થિક કટોકટીના માહોલમાં ડાઉન ગ્રેડને લાયક નથી. યુરોપ સહિત અમેરિકામાં સર્જાયેલા આર્થિક સંકટના વાદળો વચ્ચે ભારતે ધીમી પણ મક્કમ ગતિએ વૃદ્ધિ દર જાળવી રાખ્યો છે. વિશ્વના મોટા ભાગના દેશોની સરખામણીમાં આર્થિક સંકટો વચ્ચે ભારતે ઊંચો વૃદ્ધિ દર મેળવ્યો છે.

આંતરરાષ્ટ્રીય નાણાં બંડોળ અથવા તો આઇએમએફમાં ક્વોટા સુધારાના સંબંધમાં પ્રધાને કહ્યું હતું કે જાન્યુઆરી ૨૦૧૩ સુધી આ પ્રક્રિયા પરિપૂર્ણ કરી લેવામાં આવશે. ક્વોટા સુધારા પ્રક્રિયા હાથ ધરવામાં આવ્યા બાદ ભારતની હિસ્સેદારી આઇએમએફમમાં ૨.૪૪ ટકાથી વધીને ૨.૭૫ ટકાની આસપાસ થઇ જશે. જેથી મલ્ટીલેટરલ એજન્સીમાં તેની હિસ્સેદારી વધશે. તેની હિસ્સેદારી આઠમી સૌથી મોટી રહેશે. એપ્રિલ મહિનામાં એસએન્ડ પી દ્વારા ભારતના રેટિંગ આઉટલુકને સ્થિરથી ઘટાડીને નકારાત્મક કરી દેવાતા ભારે ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. ભારતનો આર્થિક વિકાસ દર વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન ઘટીને નવ વર્ષન નીચી સપાટીએ પહોંચ્યો છે. આ દર ઘટીને ૬.૫ ટકા થયો છે.

જન સત્યાગ્રહના દેખાવકારો અને સરકાર વચ્ચે સમજુતી

આગ્રા,તા. ૧૧

કેન્દ્ર સરકારે આજે જનસત્યાગ્રહના દેખાવકારોની માંગણીઓને સ્વીકારી લીધી હતી. જેના કારણે જળ, જમીન, સત્યાગ્રહ સમાપ્ત કરવાની જાહેરાત કરી દેવામાં આવી હતી. સરકાર્ ને જન સત્યાગ્રહના દેખાવકારો વચ્ચે સમજુતી થઇ જતા આખરે રાહત થઇ હતી. સરકાર અને જન સત્યાગ્રહના દેખાવકારો વચ્ચે કુલ ૧૦ માંગ પર સમજુતી થઇ છે. આમાં રાષ્ટ્રીય જમીન સુધાર નિતી પર સમજુતી, ફાસ્ટ ટ્રેક કોર્ટ અંગે પણ સમજુતી થઇ છે. હવે જમીનવગરના લોકોને જમીન મળશે. આ આંદોલન પૂર્ણ થવાની સાથે જ હવે દેખાવકારોની દિલ્હી માર્ચ પણ યોજાશે નહી. જન સત્યાગ્રહના પ્રતિનિધીઓ અને કેન્દ્રિય ગ્રામીણ વિકાસ પ્રધાન જયરામ રમેશ વચ્ચે વાતચીત થઇ હતી. કેટલાક પ્રશ્ને સમજુતી થઇ હતી. જયરામ રમેશ આજે આગ્રા પહોંચ્યા હતા. રમેશે સત્યાગ્રહના દેખાવકારોની સમક્ષ દરખાસ્ત રજૂ કરી હતી. જેના પર દેખાવકારો સહમત થઇ ગયા હતા. સમજુતી થઇ ગયા બાદ બન્ને પક્ષોએ તેના પર હસ્તાક્ષર કર્યા હતા. જન સત્યાગ્રહની શરૂઆત જમીન સુધારની સમગ્ર નીતી બનાવવા સહિત જમીન વગરના લોકોને જમીન આપવાની માગને લઇને એકતા પરિષદના અધ્યક્ષ પીવી રાજગોપાલના નેતત્વમાં બીજી ઓક્ટોબરના દિવસે થઇ હતી. આ પ્રસંગે રાજગોપાલે સરકારની સાથે થયેલી સમજુતીની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે સરકારને સામાન્ય લોકોના હિતમાં વધારે ગંભીર વલણ અપનાવવાની જરૂર છે.

દિલ્હીમાં ઘૂસેલા ત્રણ આતંકવાદીઓને પકડી પાડવામાં પોલીસને સફળતા

નવી દિલ્હી, તા.૧૧

નવરાત્રી મહોત્સવ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ખતરનાક ઇરાદા સાથે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ઘૂસેલા ત્રણ આતંકવાદીઓને પકડી પાડવામાં પોલીસને સફળતા મળી છે. આની સાથે જ દિલ્હી પરથી મોટી ઘાત ટળી ગઇ છે. દિલ્હી પોલીસે આજે સવારે ત્રાસવાદી સંગઠન ઇન્ડિયન મુજાહીદીનના ત્રણ આતંકવાદીની ધરપકડ કરી લીધી હતી. અમદાવાદ અને મુંબઇ જેવા મોટા શહેરોમાં અનેક આતંકવાદી હુમલામાં પોતાનો હાથ ધરાવનાર આ ત્રાસવાદી સંગઠનમાં ઝડપાયેલા ત્રણ શખ્સોની ગુપ્ત રીતે પૂછપરછ કરવામાં આવી રહી છે. આ સંબંધમાં વધુ માહિતી

હાલ પોલીસ જાહેર કરવા ઇચ્છુક નથી. પ્રાથમિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આ ત્રણ શખ્સો ઇન્ડિયન મુજાહીદીનના શખ્સ છે અને તેમને ચોક્કસ જવાબદારી સોંપવામાં આવી હતી. દિલ્હી અને તેના આસપાસના વિસ્તારોમાં તેમનું નેટવર્ક દિનપ્રતિદિન વધુ મજબૂત બનાવી રહ્યા હતા. પોલીસ પણ માને છે કે કટ્ટરપંથીઓનું નેટવર્ક વધી રહ્યું હતું. આ શખ્સો આતંકવાદી હુમલા તહેવાર વેળા કરવાની યોજના ધરાવતા હતા. ઝડપાયેલા શખ્સોના નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. તેમના ઇરાદા શું હતા તે અંગે પણ પ્રાથમિક રીતે વિગતો જાહેર કરાઈ નથી. પોલીસના કહેવા મુજબ તેમની પાસેથી કેટલાક દસ્તાવેજો ઉપરાંત બોમ્બ બનાવવાની સામગ્રી કબજે કરવામાં આવી છે. તહેવારની સિઝન શરૂ થવા આડે ગણતરીના દિવસો છે ત્યારે આતંકવાદીઓ ખતરનાક યોજના બનાવી રહ્યા હતા. તેમના અન્ય સાગરિતોની શોધખોળો પણ હાથ ધરવામાં આવી છે. ચોક્કસ બાતમીના આધારે ત્રણને પકડી પાડવામાં આવ્યા બાદ તેમના નેટવર્ક અંગે જાણવા પોલીસ મઠામણ કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઇન્ડિયન મુજાહીદીન આતંકવાદી સંગઠનના અનેક હુમલાઓમાં હાથ રહ્યા છે જેમાં અમદાવાદ બ્લાસ્ટનો પણ સમાવેશ થાય છે. મુંબઈમાં પણ ઘણા હુમલામાં તેની સંડોવણી નીકળી ચૂકી છે.

રોબર્ટ વાઢેરા સામે તપાસની માંગણી કરતી અરજી દાખલ

લખનૌ,તા. ૧૧

કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીના જમાઇ રોબર્ટ વાઢેરા સામે ઇન્ડિયા અગેંસ્ટ કરપ્શન (આઇએસી)ના કાર્યકર અરવિન્દ કેજરીવાલ દ્વારા કરવામાં આવેલા આક્ષેપોમાં તપાસ કરવાની માંગ કરતી અરજી આજે અલ્હાબાદ હાઇકોર્ટે સ્વીકારી લીધી હતી. હવે ટુંક સમયમાં આ અરજી પર સુનાવમી હાથ ધરવામાં આવશે. આ અરજી મૂળભૂત રીતે મંગળવારના દિવસે દાખલ કરવામાં આવી હતી પરંતુ પરંતુ કોર્ટે આજે આ અરજીને સ્વીકારી લીધી હતી. અલ્હાબાદ હાઇકોર્ટની લખનૌ બેંચની સમક્ષ અરજી દાખલ કરવામાં આવી હતી. હવે રોબર્ટ વાઢેરાની સામે પણ કાયદાકીય સંકજો મજબુત બની શકે છે. સામાજિક કાર્યકર અને

અરજીદાર નૂતન ઠાકુરે અરજી દાખલ કરીને વાઢેરા અને રીયાલિટીની મહાકાય કંપની ડીએલએફ વચ્ચે લેવડદેવડ અને સૌદાબાજી સાથે સંબંધિત આક્ષેપોમાં તપાસ કરવા વડાપ્રધાનના સેક્રેટરીને આદેશ આપવાની માંગણી કરવામાં આવી છે. કોર્ટે વડાપ્રધાનની ઓફિસને નોટીસ ફટકારીને અરજીદારની માંગનો જવાબ આપવા માટે ૬ણ સપ્તાહની મહેતલ આપી છે. કેજરીવાલના આક્ષેપોથી તાજેતરમાં ભારે હોબાળો મચી ગયો હતો. કેજરીવાલે કહ્યું હતું કે વાઢેરા ડીએલેફ સાથે ગેરકાયદે જમીન સોદાબાજીમાં સંડોવાયેલા છે. કેજરીવાલે એમ પણ કહ્યું હતું કે વાઢેરાની સંપત્તિ વર્ષ ૨૦૦૭ અને ૨૦૧૦ વચ્ચેના ગાળામાં ૫૦ લાખથી વધી ૩૦૦ કરોડ થઇ ગઇ છે. એકબાજુ કોંગ્રેસે વાઢેરાનો જોરદાર બચાવ કર્યો છે. પરંતુ ડીએલએફે આક્ષેપોને રદિયો આપ્યો છે. વાઢેરા સમગ્ર મામલામાં શાંત રહ્યા છે. વાઢેરાએ આક્ષેપોને રદિયો પણ આપ્યો નથી. આઇએસીના સભ્ય અને વરિષ્ઠ વકીલ શાંતિ ભુષણે કહ્યું હતું કે ડીએલએફ અને વાઢેરા વચ્ચે સોદા દેખાતા રહ્યા છે. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ શાષિત રાજયો હરિયાણા, રાજસ્થાન અને દિલ્હીની સરકારોએ જમીનની ફાળવણીમાં ડીએલએફની તરફેણ કરી હતી.

લાંચ મામલામાં બંગારુ લક્ષ્મણને જામીન મળ્યા

નવી દિલ્હી,તા. ૧૧

દિલ્હી હાઇકોર્ટે આજે લાંચ રૂસ્વતના કેસમાં ભાજપના પૂર્વ પ્રમુખ બંગારૂ લક્ષ્મણને જામીન આપી દીધા હતા. અત્રે નોંધનીય ચે કે આ વર્ષે એપ્રિલમાં દિલ્હીની એક ખાસ અદાલતે આશરે ૧૧ વર્ષ જુના લાંચ કેસમાં બંગારૂ લક્ષ્મણને હરિયારોની ખરીદી કરનાર પાસેથી લાંચ લેવાના મામલે દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આશરે ૧૧ વર્ષ પહેલા હથિયારોના બનાવટી ડીલરની પાસેથી એક લાખ રૂપિયા લાંચ તરીકે લેવાના મામલે તેઓ ફસાઇ ગયા હતા. આ કેસમાં તેઓ દોષિત જાહેર થયા હતા. લક્ષ્મણે ડીલરોને આપવામાં આવેલા વચનના બદલે આ રકમ મેળવી હતી. લક્ષ્મણે બનાવટી ડીલરોને એવી ખાતરી આપી હતી કે તેઓ સેનાના બાઇનોકુલરના પુરવઠાનો કરાર તેમને મળે તે માટે સંરક્ષણ મંત્રાલય સમક્ષ ભલામણ કરશે. ભાજપના તત્કાલીન પ્રમુખ બંગારુ લક્ષ્મણ બનાવટી હથિયાર ડીલરોની પાસેથી કેમરામાં લાંચની રકમ લેતા ઝડપાઇ ગયા હતા. આ મામલે એ વખતે દેશભરમાં હોબાળો મચી ગયો હતો. લક્ષ્મણને રાજીનામુ આપી દેવાની ફરજ પડી હતી. એ વખતે વાજપેયી સરકાર લાંચ કાંડના કારણે મુશ્કેલીમાં મુકાઇ ગઇ હતી. સરકારને એ વખતે ચારે બાજુથી ટિકા ટિપ્પણીનો સામનો કરવો પડ્યો હતો. લક્ષ્મણ વર્ષ ૨૦૦૧ માં કરવામાં આવેલા સ્ટીગ ઓપરેશનમાં કેમરામાં ઝડપાઇ ગયા હતા. તેમની સાથે અન્ય મોટી સંખ્યામાં લોકોના નામ પર સપાટીએ આવ્યા હતા. તહેલકા દ્વારા આ સ્ટીગ ઓપરેશન કરીને ખળભળાટ મચાવી દીધો હતો. ૧૧ વર્ષ બાદ લક્ષ્મણ મુશ્કેલી આ કેસના લીધે અનુભવે છે.

સમાચાર ઝલક

- કાયદામંત્રી સલમાન ખુરશીદનું ટ્રસ્ટ વિકલાંગોની સહાયની ગ્રાન્ટ રૂા. ૧૦૦ કરોડનું કૌભાંડ કર્યાનો ઘટસ્ફોટ થયો.
- ભારતીય વિજ્ઞાનીઓએ શોધ્યા આસામાની શેતાન, ખગોળજગત અચંબામાં.
- રમત-ગમતના સાધન બનાવતી બી.ડી.એમ. કંપનીના માલિકનું અપહરણ.
- ૨૦૧૩ - ફેબ્રુઆરી ૨૦ અને ૨૧ ના રોજ મજૂર સંગઠનોની મહા હડતાળ.
- રાષ્ટ્રપતિ ભવનમાંથી અંગ્રેજોનો વારસો 'મહા મહિમ' શબ્દને વિદાય આપવામાં આવી.
- શિક્ષણની હિમાયત કરનાર પાકિસ્તાની કિશોરીને મારી નાંખતા તાલીબાની.
- બાઇકોને મોડાફાઇડ કરવાનો યુવા પેઢીમાં ક્રેઝ વધી રહ્યો છે, પલ્સર વધારે મોડીફાઇડ થાય છે.
- ગુજરાત હજ કમિટીના ચેરમેન મહેબુબ અલી બાવાની ભડકાઉ ભાષણ બદલ ધરપકડ.
- ઇરાન ઉપર ભીષણ હુમલો કરવા અમેરિકા-ઇઝરાયેલ તૈયાર.
- નરેન્દ્રભાઇ મોદીના ફોટાવાઠા દિવાળી કાર્ડ કેલેન્ડર બહાર પડશે.
- વંદા ખાવાની સ્પર્ધા જીત્યા બાદ યુવક મોતાને ભેટ્યો, અમેરિકાના ડિયરફિલ્ડમાં સ્પર્ધા યોજાઈ હતી.
- સહકારી બેંકોના ગ્રાહકોને મળશે યુનિક આઇડેન્ટીફીકેશન કોડ.
- લાલકૃષ્ણ અડવાણીએ નારેગા યોજવાની વિદેશમાં પ્રશંસા કરી, પડઘાની શક્યતા.
- રાજકોટના કોન્ટ્રાકટરે સ્વીફ્ટ ડિઝાયર ગાડી માટે ભરેલી રકમ ગાંધીનગરની કંપની ચાઉં કરી ગઇ.
- ગુજરાતના હાઇવેની ગુણવત્તા વૈશ્વિક માપદંડથી પણ શ્રેષ્ઠ : વિશ્વબેંક

રશિયાની પાસેથી ૪૨ યુદ્ધ વિમાનો ખરીદવાની તૈયારી

નવી દિલ્હી,તા.૧૧

ભારત તેના શસ્ત્રાગારને વધુ મજબૂત કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. સરંક્ષણના ક્ષેત્રમાં ભારત કોઈ બાંધછોડ કરવા ઇચ્છુક નથી. આ જ કારણસર ભારત હવે રશિયા પાસેથી ૭૧ મીડિયમ લિફ્ટ હેલિકોપ્ટરો અને ૪૨ એસયુ-૩૦ એમકેઆઈ યુદ્ધ વિમાનો મેળવવા માટે તૈયાર છે. સત્તાવાર સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે સરંક્ષણ પ્રધાન એ કે એન્ટોની અને તેમના રશિયન સમકક્ષ એનાટોલી વચ્ચે નવી દિલ્હીમાં થયેલી વાતચીત દરમિયાન આ મુદ્દો સપાટી ઉપર આવ્યો હતો. આ સંબંધમાં સમજૂતી પર હસ્તાક્ષર ૧લી નવેમ્બરના દિવસે રશિયન પ્રમુખ વ્લાદીમીર પુતિનની ઐતિહાસિક યાત્રા દરમિયાન કરવામાં આવે તેવી શક્યતા છે. સૂત્રોનું કહેવું છે કે ૪૨ એસયુ-૩૦ એમકેઆઈ યુદ્ધ વિમાનો ભારતીય હવાઈ દળની ફાયર પાવરને વધારશે અને આ વિમાન ઉમેરાઈ ગયા બાદ વિમાનોની સંખ્યા વધીને ૨૭૨ થઈ જશે. વાતચીત દરમિયાન બંને દેશોએ આઈએએફમાં આ વિમાનોની પ્રવર્તમાન ક્ષમતાને અપગ્રેડ કરવાના મુદ્દા ઉપર ચર્ચા થઈ હતી. આઈએએફ માટે ૭૧ એમઆઈ-૧૭વી-૫ હેલિકોપ્ટર મેળવવા માટે પણ ચર્ચા થઈ છે. મિટીંગ દરમિયાન ગૃહમંત્રાલયના અધિકારી પણ હાજર રહ્યા હતા. નવી સમજૂતી હેઠળ ભારત આઈએએફ માટે ૫૯ હેલિકોપ્ટરની ખરીદી કરશે. જ્યારે બાકીના હેલિકોપ્ટરનો ઉપયોગ ગૃહમંત્રાલય દ્વારા કરવામાં આવશે. સીએપીએફ માટે આ હેલિકોપ્ટરોનો ઉપયોગ કરાશે. નક્સલવાદ વિરોધી ઓપરેશન માટે જુદા જુદા રાજ્યોમાં આ હેલિકોપ્ટરોનો ઉપયોગ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. ભારત હાલમાં તેની સરંક્ષણ તાકાતમાં વધારો કરવામાં વ્યસ્ત છે. કારણ કે તેના પડોશી દેશો ચીન અને પાકિસ્તાન પણ શસ્ત્રાગારને વધુ મજબૂત બનાવી રહ્યા છે. રશિયા પાસે યુદ્ધ વિમાનોની ખરીદીની વાતચીત પૂરી થઈ ગઈ છે. માત્ર સમજૂતીની ઔપચારિકતા બાકી રહી ગઈ છે જે પુતિનની યાત્રા દરમિયાન પરિપૂર્ણ કરાશે.

સ્ટેમ્પ કોંભાડ : તેલગીની સાત વર્ષની સજા યથાવત

નવી દિલ્હી,તા. ૧૧

દિલ્હીની એક અદાલતે આજે કરોડો રૂપિયાના બનાવટી સ્ટેમ્પ પેપર કાંડના મુખ્ય આરોપી અબ્દુલ કરીમ તેલગીની સાત વર્ષની સજાને યથાવત રાખી હતી. વધારાના સેશન ન્યાધાધીશ ટીસ કશ્યમે સ્ટેમ્પ પેપર કાંડમાં તેલગીની અપીલને ફગાવી દીધી હતી. તેલગીએ નીચલી કોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને અપીલ દાખલ કરી હતી. નીચલી કોર્ટે તેલગીને સાત વર્ષની જેલની સજા ફટકારી હતી. તેલગીને ૨૫ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. તેલગી એચઆઈવી એઈડ્સથી પણ ગ્રસ્ત છે. તેલગીએ નીચલી કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી દંડની રકમને પણ ઓછી કરવાની અપીલ કરી હતી. તેલગીએ કહ્યું હતું કે તેના દ્વારા ગાળવામાં આવેલી સજાને પણ માન્ય રાખવમાં આવે તે જરૂરી છે. કોર્ટે તેની કોઈ દલીલને સ્વીકારી ન હતી અને કહ્યું હતું કે તેની અપીલ પર સુનાવણી કરી શકાય તેવી નથી. અપરાધની ગંભીરતાને ધ્યાનમાં લઈને કોર્ટ સજાને ઘટાડી શકે નહી.

યુનિનોરમાં તેની હિસ્સેદારી વેચવા યુનિટેક આખરે તૈયાર

નવી દિલ્હી,તા. ૧૧

રિયાલિટીની મહાકાય કંપની યુનિટેકે આજે સવારે જાહેરાત કરી હતી કે તે યુનિનોરમાં તેની સમગ્ર હિસ્સેદારીનો નિકાલ લાવીને નોર્વેની ટેલિનોર સાથે ટેલિકોમ સંયુક્ત સાહસમાંથી બહાર નીકળી રહી છે. બંને પક્ષો તેમની વચ્ચે તમામ કાયદાકીય વિવાદોને મૈત્રી પૂર્ણ રીતે ઉકેલવા સહમત થઈ ગયા છે.

યુનિટેકે તેની સમગ્ર યુનિનોર હિસ્સેદારી ટેલિનોરને વેચી દીધી છે. ટેલિનોર યુનિટેક સાથે સંયુક્ત સાહસ અથવા તો જેવીને રદ કરવા ઇચ્છુક હતી. આ કંપની નવેસરથી ઓપરેટીંગ લાઇસન્સ મેળવવાના પ્રયાસમાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી મહિનામાં સુપ્રીમ કોર્ટ દ્વારા ૧૨૨ લાઇસન્સ રદ કરવામાં આવ્યા હતા જેમાં સંયુક્ત સાહસના ૨૨ ટેલિકોમ પરવાના પણ હતા. બંને પક્ષોએ કોર્ટમાં તથા કંપની લો બોર્ડમાં એકબીજા સામે કેસ દાખલ કર્યા હતા. જોઈન્ટ વેન્ચરમાં અથવા તો સંયુક્ત સાહસમાં ટેલિનોરની હિસ્સેદારી ૬૭.૨૫ ટકા હતી જ્યારે યુનિટેકની હિસ્સેદારી ૩૨.૭૫ ટકા હતી.

ટેલિનોર અને યુનિટેકે ૧૦મી ઓક્ટોબર ૨૦૧૨ના દિવસે એવી જાહેરાત કરી હતી કે તેઓ બંને પક્ષો વચ્ચે તમામ વિવાદોને ઉકેલવા રાજી થઈ ગયા છે. સમજૂતી મુજબ યુનિટેક અને ટેલિનોર યુનિટેક વાયરલેસમાં બિઝનેસ ટ્રાન્સફર કરવા સહમત થઈ ગયા છે. યુનિટેકનું કહેવું છે કે સામાન્ય રકમ માટે યુનિનોરમાં તેની હિસ્સેદારીને વેચવા તે તૈયાર છે. ટેલિનોર સાથે વિવાદનો ઉકેલ આવી ગયા બાદ હવે યુનિટેક ગ્રૂપ ફરીથી રિયલ એસ્ટેટના તેના કોર બિઝનેસમાં ધ્યાન કેન્દ્રીત કરશે. યુનિટેક ચેરમેન રમેશ ચંદ્રાએ કહ્યું છે કે અમે યુનિટેક અને ટેલિનોર વચ્ચે વિવાદનો ઉકેલ આવી ગયા બાદ ખુશ છીએ. ટેલિનોર સાથે તમામ પ્રવર્તમાન વિવાદો સસ્પેન્ડ થઈ ચૂકયા છે. છેલ્લા ઘણા દિવસથી બંને વચ્ચે કાયદાકીય ગૂંચવણને લઈને ચર્ચા ચાલી રહી હતી. યુનિનોર એક મોટી મોબાઈલ તરીકે ઊભરી રહી છે. યુનિટેકની હિસ્સેદારી ૩૨.૭૫ ટકા હતી. કેટલા રકમમાં આ હિસ્સેદારી વેચવામાં આવી છે તે અંગે હજુ જાણવા મળ્યું નથી.

તીવ્ર લેવાલી : સેન્સેક્સમાં ફરી મોટો ઉછાળો નોંધાયો

મુંબઇ, તા. ૧૧

યુરોપીયન બજારોના સામાન્ય સંકેત છતાં અંતિમ ક્ષણોમાં જામેલી લેવાલીના પગલે ભારતીય શેરબજાર ઉછાળા સાથે બંધ રહ્યું હતું. મુંબઇ શેરબજારનો બીએસઇ સેન્સેટીવ ઇન્ડેક્સમાં ૧૭૪ પોઇન્ટનો વધારો થતાં ૧૮૮૦૫ની સપાટી પર મજબૂત રહ્યો હતો. સેન્સેક્સના પગલે નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટીમાં પણ ૫૬ પોઇન્ટનો વધારો થતા ૫૭૦૮ની સપાટી પર બંધ રહ્યો હતો. સ્ટાન્ડર્ડ એન્ડ પુયર દ્વારા સ્પેનની રેટીંગ ઘટાડવામાં આવતાં એશિયન બજારોમાં મંદીનો માહોલ છવાયેલો હતો. જેના લીધે સેન્સેક્સ નીચા મથાળે ખૂલ્યો હતો. યુરોપીયન બજારો નીચા મથાળે ખૂલ્યા બાદ તરત જ વધવા માંડયા હતા. જેના પગલે ભારતીય શેરબજારમાં અંતિમ ક્ષણોમાં લેવાલી

જામી અને બજાર ઊંચકાયું હતું. આજરોજ તમામ ક્ષેત્રીય ઇન્ડેકસો ઊંચા મથાળે બંધ રહ્યા હતા. સૌથી વધુ ૪.૫ ટકાનો ઉછાળો રીયાલ્ટી ઇન્ડેક્સમાં પણ ૧૮૮૫.૫૨ બંધ રહ્યો હતો. કેપીટલ ગુડઝ, આઇ અને પાવર ઇન્ડેક્સમાં ૧.૫ થી ૨ ટકાનો વધારો નોંધાયો હતો. ગત સેશનમાં થયેલી વેચવાલીની સપાટીથી આજે રીયાલ્ટી અને પાવર શેરોમાં લેવાલી જામી હતી. તાતા પાવર અને એનટીપીસીમાં પણ ૦.૬ થી ૧.૫ ટકાનો વધારો થયો હતો. રીયાલ્ટી જાયન્ટ ડીએલએફમાં ૪ ટકાનો વધારો થતાં શેરની કિંમત ૨૨૧ રૂપિયા થઇ ગઇ હતી. ચાલુ નાણાંકીય વર્ષના અંત સુધીમાં કારનું વેચાણમાં ૧ થી ૩ ટકાની વૃદ્ધિ થવાના અહેવાલ બાદ ઓટો શેરોમાં કડાકો બોલાઇ ગયો હતો. મારૂતિ સુઝુકી અને મહેન્દ્ર એન્ડ મહેન્દ્રમાં ૧ ટકાનો ઘટાડો થયો હતો. ટુવ્હીલર કંપની હીરો મોટો કોર્પ અને બજાજ ઓટોમાં પણ ઘટાડો થયો હતો. જો કે આઇટી અગ્રણી ઇન્ફોસીસમાં ૧.૫ ટકા અને એચડીએફસી બેંકમાં ૧ ટકાનો વધારો થયો હતો. સેન્સેક્સ હેવીવેઇટ રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં નફારૂપી વેચવાલીના પગલે સામાન્ય વધઘટ રહી હતી. બીએસઇની માર્કેટ બ્રેડથ હકારાત્મક રહી હતી. ૧૬૫૩ શેરોની કિંમત વધી હતી. અને ૧૮૮૦ થી કિંમત ઘટી હતી. મીડકેપ અને સ્મોલ કેપ ઇન્ડેક્સ અનુક્રમે ૧.૩ અને ૧ ટકા વધ્યા હતા. દરમિયાન એશિયાના અન્ય બજારોમાં મંદી રહી હતી. જાપાનનો ૨૨૫ નિક્કી, સિંગાપોરનો સ્ટેટ ટાઇમ્સ અને ચીનનો શાંઘાઇ કોમ્પોઝીટ અને હોંગકોંગનો હેંગસેંગમાં ૦.૪ થી ૦.૮ ટકાનો ઘટાડો થયો હતો.

પીસી બનાવવામાં લેનોવો પ્રથમ ક્રમે : HP બીજા ક્રમે

સાનફ્રાન્સિસ્કો,તા. ૧૧

લેપટોપ અને અન્ય પીસી બનાવનાર મહાકાય કંપની લેનોવો ગ્રુપ લિમિટેડ હવે વિશ્વભરની પ્રથમ પીસી બનાવતી કંપની બની ગઈ છે. આ મામલામાં લેનોવોએ હેવલેટ પેકાર્ડ અથવા તો એચપીને પછડાટ આપી દીધી છે. નવા આંકડામાં આ મુજબની માહિતી આપી છે. રિસર્ચ હાઉસ ગાર્ટનરનું કહેવું છે કે લેનોવોએ પીસી માર્કેટમાં એન્ટ્રી કર્યા બાદથી અતિ ઝડપથી એક પછી એક સિદ્ધિઓ હાંસલ કરી છે. ૨૦૦૫માં આઈબીએમના પર્સનલ કોમ્પ્યુટર ડિવીઝનની ખરીદી કરીને પીસી માર્કેટમાં એન્ટ્રી કરનાર લેનોવો હવે પ્રથમ સ્થાન ઉપર પહોંચી ગઈ છે. તેની માર્કેટ હિસ્સેદારી વધીને ૧૫.૭ ટકા થઈ ગઈ છે. આ કંપનીએ આ ત્રિમાસિક ગાળા દરમિયાન ૧૩.૭૭ મિલિયન યુનિટનું વેચાણ કર્યું છે જે એક વર્ષ અગાઉની સરખામણીમાં આશરે ૧૦ ટકા વધારે છે. જ્યારે એચપીની વૈશ્વિક પીસી હિસ્સેદારી ૧૫.૫ ટકા રહી છે. આ કંપનીએ ૧૩.૫૫ મિલિયન યુનિટનું વેચાણ કર્યું છે. એક વર્ષ અગાઉની સરખામણીમાં અગાઉ ૧૬.૪ ટકાનો ઘટાડો થયો છે.

ગાર્ટનરનું કહેવું છે કે પ્રથમ વખત એચપીએ પ્રથમ સ્થાન ગુમાવી દીધું છે. ૨૦૦૬થી તેનું એક ચક્રીય સાશન હતું.

અલબત્ત છેલ્લા વર્ષમાં પીસીની માંગમાં પણ વધારો થયો છે. કારણ કે હવે વધુમાં વધુ અલ્ટા પ્રોટેબલ અને ખૂબ વધુ સુવિધા ધરાવતા પાવર ફુલ ટેબલેટ અને સ્માર્ટ ફોન તરફ વળ્યા છે. એચપીના શેરમાં ગઈકાલના કારોબાર દરમિયાન ૧.૩૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો જે ઓક્ટોબર ૨૦૦૨ બાદથી તેની સૌથી નીચી સપાટી છે. તેના શેરની કિંમત ૧૪.૦૨ ડૉલરની નીચી સપાટીએ પહોંચી ગઈ હતી. લેનોવો અતિ ઝડપથી મોટી કંપની તરીકે ઊભરી રહી છે.